ડાયરેક્ટ ❤ સે

ઉપાડશે કોણ મારું કામ ?
એવું અસ્ત થતાં સૂરજે પૂછ્યું.
જગત આખું નિરુત્તર રહ્યું,
પણ એક નાનો દીવો બોલ્યો,
મારાથી બનતું હું કરીશ.

જન્મદિને વધામણી

આયુષ
તુષારકુમાર શ્રીમાળી

સ્વર વી પટેલ
મો. ૯૭૨૫૮ ૭૦૩૨૦

ધિરેનકુમાર આર પરમાર

એસ. કે. પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં પ્રવેશોત્સવ

સર્વ વિધાલય કેળવળી મંડળ સંચાલિત એસ.કે.પટેલ કે.જી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં પ્રવેશોત્સવની ઉજવણી ઉત્સાહ પુર્વક કરવામાં આવી હતી. બાળકોને સ્માઈલી આપીને પ્રવેશ કરવામાં આવ્યા. શિક્ષિકાઓએ વિવિધ રમતો જેવીકે બલૂન્સ રિંગ્સ વગેરેથી બાળકોને પ્રોત્સાહિત કરીને ક્લાસમાં આવકાર્યા હતા.

આ પણ જાણો



સ્ત્રીઓ ખરીદીમાં પુરુષ કરતાં આગળ હોય છે એ વાત સાચી, પરંતુ એ વાતેય સાચી છે કે સ્ત્રીઓ પૈસા બચાવવામાંય પુરુષો કરતાં આગળ હોય છે.

આયુર્વેદ-હોમિયોપથીમાં પ્રવેશ માટે ૫૦% પર્સેન્ટાઈલ ફરજિયાત

ગાંધીનગર, તા. ૧૩

મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે નીટમાં ૫૦ ટકા જરૂરી છે, હવે પછી આયુર્વેદ અને હોમિયોપથીમાં પ્રવેશ માટે પણ ઓપન કેટેગરી માટે ૫૦ પર્સન્ટાઈલ લાગુ કરાયા છે. ગતવર્ષે પ્રવેશ માટે આ નિયમ ન હોવાથી અનેક વિદ્યાર્થીઓએ નીટમાં શૂન્ય માર્કસ હોવા છતાં મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ લીધો હતો. હવે પછી વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે ફોર્મ ભરવા માટે ૫૦ પર્સન્ટાઈલ જરૂરી છે. મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવા માટે ઓપન કેટેગરી માટે ૫૦ પર્સન્ટાઈલ અને અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૦ અને પીએચ કેટેગરીમાં આવતાં વિદ્યાર્થીઓ માટે ૪૫ ટકા પર્સન્ટાઈલ હોવા જરૂરી છે. પરંતુ આયુર્વેદ અને હોમિયોપથીમાં પ્રવેશ લેવો હોય તો માત્ર નીટમાં ઉપસ્થિત રહ્યા હોય તો પણ પ્રવેશ ફાળવી દેવામાં આવતો હતો. સૂત્રો કહે છે ભૂતકાળમાં માત્ર નીટમાં ઉપસ્થિત રહ્યા હોય તેવા અંદાજે ૧ હજાર વિદ્યાર્થીઓ માત્ર રૂપિયાના જોરે જુદી જુદી આયુર્વેદ અને હોમિયોપથી કોલેજોની મેનેજમેન્ટ કવોટામાં પ્રવેશ લઈ લીધો હતો. આ મુદ્દે કોર્ટમાં રિટ પણ થઈ હતી. જેમાં પ્રવેશ સમિતિએ રજૂઆતો પણ કરી હતી પરંતુ જે તે સમયે આયુષ ડિપાર્ટમેન્ટ દ્વારા આવી કોઈ સ્પષ્ટતા કરી ન હોવાથી કોર્ટે આ રીતે પ્રવેશ લેનારા તમામ વિદ્યાર્થીઓના પ્રવેશ માન્ય કરી દીધા હતા. પરંતુ આજે આયુષ ડિપાર્ટમેન્ટ દ્વારા સત્તાવાર રીતે પ્રવેશ સમિતિને લેટર મોકલીને એવી સ્પષ્ટતા કરી દીધી છે કે હવે પછી હોમિયોપથી અને આયુર્વેદ ઉપરાંત નેચરોપથીમાં પ્રવેશ લેવો હશે તો પણ વિદ્યાર્થીઓને નીટમાં ૫૦ પર્સન્ટાઈલ જરૂરી છે. એટલે કે હવે મેડિકલ, ડેન્ટલ, હોમિયોપથી, આયુર્વેદ અને નેચરોપથી માટે પ્રવેશના એક સરખા નિયમો લાગુ કરાયા છે. આવતીકાલથી મેડિકલ સહિતના નીટ આધારિત કોર્સમાં પ્રવેશ માટે કાર્યવાહી શરૂ થઈ રહી છે ત્યારે હવે ૫૦ પર્સન્ટાઈલ હશે તેવા વિદ્યાર્થીઓ પ્રવેશ માટેના ફોર્મ ભરી શકશે.

જિલ્લાના પ્રાથમિક શિક્ષક સંઘના સભાસદ ભાઈબહેનોના તેજસ્વી તારલાઓનું સન્માન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મીઠાભાઈ પટેલ તથા મહામંત્રી જગદીશભાઈ પટેલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચાલતી શિક્ષક સહાય યોજના અંતર્ગત જિલ્લાના પ્રાથમિક શિક્ષક સંઘના સભાસદ ભાઈબહેનોના તેજસ્વી તારલાઓનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ સામાન્ય પ્રવાહમાં ૭૦ ટકા તથા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૫ ટકા ગુણ પ્રાપ્ત કરનાર સભાસદ શિક્ષક ભાઈ-બહેનોના તેજસ્વી સંતાનોમાંથી પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ પ્રાપ્ત કરનારને અનુક્રમે ૨૫ ગ્રામ, ૨૦ ગ્રામ અને ૧૫ ગ્રામ ચાંદીની મુદ્રાથી સન્માનિત કરવામાં આવશે. નિયત ટકાવારીથી વધુ ગુણ મેળવનારને પ્રોત્સાહિત ઈનામ આપવાના હોઈ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં નિયત ફોર્મ મેળવી, ફોર્મની વિગત ભરી ચાલુ વર્ષની માર્કશીટની પ્રમાણિત નકલ સાથે તાલુકા કક્ષાએ તાલુકા સંઘના 'શિક્ષક ભવન', સેક્ટર-૧૨, ગાંધીનગરના કાર્યાલયથી તેમજ તાલુકા કક્ષાએ તાલુકા સંઘના પ્રમુખ, મંત્રીને તા. ૨૦ જુલાઈ, ૨૦૧૮ સુધીમાં પહોંચાડવાના રહેશે. નિયત ફોર્મ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના 'શિક્ષક ભવન', સેક્ટર-૧૨, ગાંધીનગરના કાર્યાલયેથી તેમજ તાલુકા કક્ષાએ તાલુકા સંઘના પ્રમુખ-મંત્રી પાસેથી મળી રહેશે. ૨૫મી જુલાઈ સુધીમાં નિયત ફોર્મ તાલુકા કક્ષાએથી જિલ્લા પ્રાથમિક શિક્ષકસંઘના કાર્યાલયે મળે તેવી પદ્ધતિથી મોકલી આપવાનાં રહેશે. નિયત સમયમર્યાદા બાદ આવેલ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં, એમ તેમણે આ અખબારી યાદીમાં વધુમાં જણાવ્યું છે.

આજે વિશ્વ રક્તદાતા દિવસે સલામ કરીએ મહેસાણાના રક્તદાતા વીરને

ડૉ. જી કે પટેલ : રાજ્યના વિક્રમી રક્તદાતા

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં (કદાચ ભારતમાં પણ) સૌથી વધુ, ૧૭૫ વખત રક્તદાન મહેસાણાના ડો. જી. કે.પટેલે કર્યું છે

૧૪મી જૂન સમગ્ર વિશ્વમાં વિશ્વ રક્તદાતા દિવસ તરીકે ઉજવાય છે. મહેસાણાના ડો. જી.કે.પટેલ (ગુણવંતભાઈ કાન્તિલાલ પટેલ)એ અત્યાર સુધી ૧૭૫ વખત રક્તદાન કરીને ગુજરાતમાં (સંભતઃ ભારતમાં) સૌથી વધુ વખત રક્તદાન કરવાનો વિક્રમ સ્થાપ્યો છે. માનવીય ધોરણથી તેઓ ૧૯૬૮થી નિયમિત રીતે રક્તદાન કરતા આવ્યા છે.

અમદાવાદની વી.એસ. હોસ્પિટલમાં તેઓ એમ.બી.બી.એસ કરતા હતા ત્યારે ૧૯૬૮માં તેમણે પ્રથમ વખત કડીના એક શિક્ષકને જરૂર પડતાં, વી.એસ. હોસ્પિટલમાં જ રક્તદાન કર્યું હતું. એ પછી તો અહીં જ તેઓ એમ.એસ. થયા ત્યાં સુધી નિયમિત રીતે રક્તદાન કરતા રહ્યા. ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ તેમણે જીવનનું છેલ્લી વખત રક્તદાન કર્યું ત્યારે આંકડો ૧૭૫ સુધી પહોંચી ગયો હતો. તેમની તો હજી પણ રક્તદાન કરવાની ઈચ્છા હતી, પરંતુ ભારતમાં ૬૫ વર્ષની વય સુધી જ રક્તદાન કરી શકાય છે.

૨૪મી જુલાઈ, ૧૯૪૮ના રોજ કડી તાલુકાના રાજપુર ગામમાં જન્મેલા ડો. જી.કે. પટેલને જ્યારે ૬૦ વર્ષ થયાં ત્યારે મહેસાણામાં ખૂબ મોટો મહોત્સવ યોજાયો હતો. એ વખતે યોજાયેલા રક્તદાન શિબિરના ૫૦૦૦ બોટલો રક્ત એકત્રિત થયું હતું. એ વખતે તેમણે

મહેસાણા જિલ્લાના ખેડૂતોની શિબિર અને મહિલાઓની શિબિરનું આયોજન કર્યું હતું. એટલું જ નહીં વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા શીખવવા માટેના એક દિવસીય વર્કશોપનું પણ આયોજન કર્યું હતું. જેમાં એક હજાર વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ડો. જી. કે. પટેલ કહે છે કે આપણા ત્યાં દર ત્રણ મહિને રક્તદાન કરવાનો નિયમ હોવાથી વધારે વખત રક્તદાન કરી શકાતું નથી. વિશ્વના ઘણા દેશોમાં સમયને લગતો આવો કોઈ નિયમ નથી તેથી ત્યાં રક્તદાતાઓ વધારે વખત રક્તદાન કરી શકે છે. તેમનાં પત્ની કુસમબહેને પણ ઘણી વખત રક્તદાન કર્યું છે. ૨૪મી જુલાઈ, ૨૦૧૭ના રોજ ડો. જી.કે. પટેલે ૭૦ વર્ષ પૂરાં કર્યાં ત્યારે પણ મહેસાણામાં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ગુજરાતી વિદ્યાર્થીઓને નીટ પરીક્ષા આપવામાં સુવિધા થાય તે માટે તેમણે મહેસાણામાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે એક દિવસીય સઘન વર્કશોપનું આયોજન કર્યું હતું. ડો. જી.કે. પટેલ તરફથી ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને લેપટોપ બેગ અને નીટની ડીવીડી ભેટ આપવામાં આવી હતી.

સમગ્ર ગુજરાતનું ગૌરવ કહી શકાય તેવા ડો. જી.કે. પટેલે ૧૭૫ વખત રક્તદાન કરીને અનેક લોકોને પ્રેરણા આપી છે. તેમણે જેમને પ્રથમ વખત રક્તદાન કર્યું હતું તે શિક્ષકે પણ રક્તદાન કરવાનું ચાલુ રાખ્યું હતું. ડો. જી.કે. પટેલના નેજા હેઠળ રક્તદાન શિબિરો પણ યોજાઈ છે અને તેમાં આશરે દસેક હજાર યુનિટ રક્ત એકત્રિત થયું છે. ડો. જી.કે. પટેલને ગુજરાતના વિવિધ રાજ્યપાલોના હસ્તે અનેક એવોર્ડ મળી ચૂક્યા છે. નિસ્પૃહી અને સરળ વ્યક્તિત્વ ધરાવતા ડો. જી.કે. પટેલ અલબત્ત, માનવીય અને સામાજિક પ્રવૃતિઓ પણ સહજ રીતે કરે છે.

ગર્લ્સ કૉલેજમાં વિદ્યાર્થિનીઓ માટે

ગાંધીનગર ખાતે હોમ સાયન્સના ડિગ્રી કોર્સમાં પ્રવેશની તક

ગાંધીનગર, તા. ૧૩

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સેક્ટર-૭, ગાંધીનગરમાં ૧૯૯૪થી ગુજરાત યુનિવર્સિટી દ્વારા બીએ, હોમ સાયન્સ ડિગ્રી કોર્સ ચાલુ છે. જેમાં ધોરણ-૧૨ પાસ કોઈપણ વિષય સાથે પ્રવેશ આપવામાં આવે છે.

બીએ હોમ સાયન્સ કર્યા પછી એમએ, એમએસસી, બીએડ, પીએચડી, એલએલબી, એમએસડબલ્યુ, ડાયેટિશીયન, ફેશન ડિઝાઈનીંગ, ઈન્ટીરિયર ડિઝાઈનીંગ, હોટલ મેનેજમેન્ટનો કોર્સ કરી શકાય છે.

બીએ, હોમ સાયન્સની ડિગ્રી લીધા પછી ડેરીમાં પીઆરઓ, સીડીપીઓ, મુખ્ય સેવિકા, આંગણવાડી અધિકારી, ટીચર, પ્રોફેસર, આઈટીઆઈમાં ઈન્ટ્રક્ટર, મધ્યાહ્ન ભોજનમાં સુપરવાઈઝર તરીકે વ્યવસાયની તકો રહેલી છે.

પૂરક પરીક્ષા ધોરણ-૧૨ પાસને પણ પ્રવેશ આપવામાં આવશે એમ આ અંગેની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ અંગેની વધુ માહિતી માટે મોબાઈલ નંબર ૭૮૭૪૪ ૦૭૦૭૧ અથવા ૯૦૯૯૩ ૮૦૭૨૭ના માધ્યમથી કૉલેજનો સંપર્ક કરવા જણાવાયું છે.

એસ. જી. પ્રાથમિક શાળામાં પેપર કાફ્ટની પ્રવૃત્તિ યોજાઈ

એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં બુધવારે પેપર કાફ્ટની પ્રવૃતિ યોજાઈ હતી. આ પ્રવૃતિમાં ધોરણ-૫ થી ૮નાં બાળકોએ વિવિધ રંગીન કાગળમાંથી વિવિધ આકારના નમૂના બનાવ્યા હતા. આ પ્રવૃતિમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જીવનમાં 'સંવેદના સંચય' અભિયાનને આક્રમક બનાવીએ : દરેક ઘટના દિલથી અનુભવીએ અને દિલ નિચોવીને જીવીએ

અબીલ-ગુલાલ
મમતા રાવલ

દરેક ઘટના દિલથી અનુભવીએ અને દિલ નિચોવીને જીવીએ

હાલમાં જ સહુ ને પ્રિય એવા સાહિત્યકાર-હાસ્યકાર શ્રી વિનોદભાઈ તેમના વિનોદ સહ વિલીન થઈ ગયા. સાહિત્ય જગતમાં સોંપો પડી ગયો. એમના વિશે કંઈ પણ કહેવા અક્ષમ એવી મને એમની ઘણી બાબતો સ્પર્શતી.

મનોરંજનના ઉપલબ્ધ એવા બધા જ સાધનો વ્યક્તિની સંવેદનશીલતાને જીવાડવાના પ્રયત્નો છે. પરંતુ અલ્પ સમયની અસર બાદ એ ઓસરી જાય છે. ઘણીવાર રાષ્ટ્રગીતના ગાન કે મંદિરના ઘંટનાદથી દિવ્ય અનુભૂતિનો સંચાર મન-હૃદયમાં થાય છે. આ અનુભૂતિને લાંબી ટકાવવા, એને હૃદયસ્થિત કરવાનું, એને વાગોળવાનું વિસરાતું જાય છે.કમ સે કમ વ્યક્તિ સારી અનુભૂતિ આપતી ક્ષણોના આનંદને લંબાવતા શીખશે તો પણ એપીસોડ્સમાં જીવાતું જીવન સીરીયલ નહીં, પણ ફિલ્મમાં ચોક્કસ રૂપાંતરિત થશે. "સંવેદના સંચય" ના આ અભિયાન ને "જળ સંચય" ના અભિયાનની જેમ આક્રમક બનાવીએ.

જીવનમાં 'સંવેદના સંચય' અભિયાનને આક્રમક બનાવીએ

હાસ્યકાર જે દરેક ધબકારે હાસ્ય અને વિનોદ પ્રગટાવતાં પરંતુ આજના દોરમાં લોકોને હસાવવું કે રડાવવું બંને ખૂબ કપરાં કામ બની રહ્યા છે. સાંભળનાર-જોનાર કે વાંચનાર દરેક વ્યક્તિ વિવેચકપહેલાં છે. માણનારો વર્ગ લુપ્ત થઈ રહ્યો છે. એવા માહોલમાં સર્જકો માટે એક મોટો પડકાર ઉભો થયો છે.

માણસ હસી કાઢે છે, પણ હસતો નથી. માંડ આંખોનાં ઝળઝળિયાં સુધી પહોંચે છે, પણ માણસ ડુસકાં ભરીને રડતો નથી.

મનોરંજનના ઉપલબ્ધ એવા બધા જ સાધનો વ્યક્તિની સંવેદનશીલતાને જીવાડવાના પ્રયત્નો છે. પરંતુ અલ્પ સમયની અસર બાદ એ ઓસરી જાય છે. ઘણીવાર રાષ્ટ્રગીતના ગાન કે મંદિરના ઘંટનાદથી દિવ્ય અનુભૂતિનો સંચાર મન-હૃદયમાં થાય છે. આ અનુભૂતિને લાંબી ટકાવવા, એને હૃદયસ્થિત કરવાનું, એને વાગોળવાનું વિસરાતું જાય છે. કમ સે કમ વ્યક્તિ સારી અનુભૂતિ આપતી ક્ષણોના આનંદને લંબાવતા શીખશે તો પણ એપીસોડ્સમાં જીવાતું જીવન સીરીયલ નહીં, પણ ફિલ્મમાં ચોક્કસ રૂપાંતરિત થશે. "સંવેદના સંચય"ના આ અભિયાનને "જળ સંચય"ના અભિયાનની જેમ આક્રમક બનાવીએ.

કોઈ સુખ કે કોઈ દુઃખ સામાન્ય સંજોગોમાં માણસ ખુલ્લા દિલથી પ્રગટ કરતો નથી. યે દિલ માંગે મોરની જેમ હાસ્ય પ્રગટાવવા માટેના ડોઝની જરૂરિયાત અને રડવા માટેની કરૂણતાની તીવ્રતાની વિપુલ માત્રામાં જરૂરિયાત પડે છે. આ યુગમાં હસવું-આનંદ-મઝાના કોઈ ધારા-ધોરણ નથી, પહેલાં ગિલ્લી-દંડા અને લખોટીથી આનંદ અનુભવાતો માણસ પાંચદિવસની ક્રિકેટ મેચમાં પણ બોર થઈ જાય છે. ૨૦/૨૦ અને આઈ.પી.એલ. પણ માણસની રોકડિયો આનંદ પામવાની લાલસાની જ ઉપજ છે. ભણતરની નાનકડી પરીક્ષાના પ્રેશરનો ભાર વેંઢારી શકાતો નથી. સંબંધોની તાણ વેંઢારવાનું તો ગજું જ નથી રહ્યું.બ્રેકઅપ, છુટાછેડા, આત્મહત્યા, વ્યસનો, ઉચાપત જેવી ઘાતક બાબતો થકી નવી પેઢી સતત ચિંતા ઉપજાવે છે. હજુ હમણાં જ થોડા વષો પહેલાં જેનું કોઈ અસ્તિત્વજ નહોતું એવી ઘટનાઓ અને કિસ્સાથી આઘાત સાથે અચરજ સમાતું નથી.

ટેકનોલોજીને કેટલીક ભાંડીશું આપણે?!, ક્યારેક તો લાગે છે કે ટેકનોલોજી તો આજના યુગના માણસની તારક છે. એ એના ખાલીપાને ભરે છે. ભલે અલ્પાયુષી, પણ આનંદની અનુભૂતિ આપે છે. પણ પ્રશ્ન ત્યાં આવીને ઉભો રહે છેકે ખાલીપો છે કેમ ?વિદ્વાનો કહે છે કે, માણસટેકનોલોજી આધારિત બનતાં એની વૈચારિકતા ખોવાઈ છે. પરંતુ ક્યારેક ઊંડા ઉતરતા લાગે છે, વિચારો પ્રત્યે ડર વધ્યો છે, માટે ટેકનોલોજી આધારિતતા વધી છે. વ્યક્તિ અંદરની ઉથલપાથલ અને આસપાસ બનતી ઘટનાઓથી ખૂબ વિક્ષિપ્ત થાય છે, પરંતુ આ જમાનામાં એ વ્યક્ત કરવું યોગ્ય લેખાતું નથી. નહીં. જેના અભાવમાં માણસ તડપે છે,અધીરો બને છે, એ એની અંદર જ સંગ્રહાયેલું પડ્યું છે. પોતાની અંદર રહેલા એ સ્પાર્કને માણસ ઓળખતો નથી અથવા ઓળખવા માંગતો નથી. કાળક્રમે એ સ્પાર્કબૂઝાઈ જાય છે. સાથે માણસ પણ બુઝાયેલા દિપકની જેમ પોતાની આભા ગુમાવીને જાતને ગર્તા તરફ દોરી જાય છે. મનોરંજનના ઉપલબ્ધ એવા બધા જ સાધનો વ્યક્તિની સંવેદનશીલતાને જીવાડવાના પ્રયત્નો છે. પરંતુ અલ્પ સમયની અસર બાદ એ ઓસરી જાય છે. ઘણીવાર રાષ્ટ્રગીતના ગાન કે મંદિરના ઘંટનાદથી દિવ્ય અનુભૂતિનો સંચાર મન-હૃદયમાં થાય છે. આ અનુભૂતિને લાંબી ટકાવવા, એને હૃદયસ્થિત કરવાનું, એને વાગોળવાનું વિસરાતું જાય છે.કમ સે કમ વ્યક્તિ સારી અનુભૂતિ આપતી ક્ષણોના આનંદને લંબાવતા શીખશે તો પણ એપીસોડ્સમાં જીવાતું જીવન સીરીયલ નહીં, પણ ફિલ્મમાં ચોક્કસ રૂપાંતરિત થશે. "સંવેદના સંચય" ના આ અભિયાન ને "જળ સંચય" ના અભિયાનની જેમ આક્રમક બનાવીએ.

દરેક ઘટના દિલથી અનુભવીએ અને દિલ નીચોવીને જીવીએ.....

જીવનનું અંતિમ સત્ય સૌ જાણે જ છે.ધર્મ શાસ્ત્રો, સંસારને મિથ્યા દુઃખ નો સાગર કહે છે.પરંતુ માનવ તરીકે જન્મ લીધા પછી સંસારના સુખ-દુખમાંથી પસાર થવું એ એનું ભાગ્ય છે, આ બધીજ કસોટીમાંથી પસાર થતા માનવ, જીવન આપનાર પરમકૃપાળુ પરમાત્માને જીવનના કેન્દ્રમાં રાખે એ એકજ ઉપાય જીવનના ઉદ્ધાર કે મોક્ષ માટે પુરતો છે, સામાન્ય જન માટે પૂરેપૂરું વૈરાગ્ય શક્ય નથી, ત્યારે અર્ધ વૈરાગ્યની સ્થિતિમાં દ્વિધા ભરી પરિસ્થિતિ સર્જવા કરતાં, પ્રભુ પરની શ્રદ્ધા જાળવી રાખી પોતાના દુઃખ-તકલીફનો સામનો કરવાનો માર્ગ શોધે એ વધુ અપેક્ષિત છે.

આજે બધાને જ "જોઈએ છે" એ સ્થિતિ ને કારણે સામાજિક વ્યવસ્થામાં અડચણ ઉભી થઈ છે. "આપવા" ની નીતિથી સમાજ માં જે પણ લોકો, સમુદાયો જીવે છે ત્યાં કોઈ દ્વંદ્વ નથી. ધર્મગુરૂઓ પાસે ધર્મગ્રંથોનો સહારો છે,એટલે એમની વાત જ્ઞાનપિપાસુને પ્રમાણિત લાગે છે. સારું જ છે, સમાજનાં ઉત્થાનમાં વિદ્વાનો – ધર્મજ્ઞાનીઓનો વિશેષ ફાળો છે. પરંતુ 'જીવનશાસ્ત્ર' શીખવનારા કેટલાય જીવંત ઉદાહરણો આપણી આસપાસ છે. જે અનેક કઠિનાઈઓમાં પણ જીવનના 'સત્વ' - જીવનતત્વ (સ્પાર્ક)ને ખતમ થવા દેતા નથી

હાલમાં જ ગુજરાતની મુલાકાતે પધારેલા અરુણિમા સિન્હાની જીવન કથની જેણે સાંભળી હશે, વાંચી હશે એ આ અચૂક સમજી શકશે. આ કથની જરૂરથી વાંચવા જેવી છે. આવા અનેક જીવંતવ્યક્તિત્વોઆ જ દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે.સૌને પ્રેમભર્યું 'જીવંત' જીવન મુબારક.